નમસ્કાર ગાંધીનગર

પમરાટ

બેઠો હું પહોંચી જવા અક્ષર સુધી,
ને કલમ પહોંચી ગઈ ઈશ્વર સુધી.

જાય છે રોજે ઘણા સાગર સુધી,
કેટલા કિન્તુ ગયા અંદર સુધી?

મૌન સામે ના ટકી આખર સુધી,
અફવા તો પહોંચી હતી ઘરઘર સુધી.

વેલ પર જીવન હતું આખર સુધી,
તું ચૂંટીને લઈ ગયો અત્તર સુધી.

તું ફક્ત પથ્થરમાં જા અંદર સુધી,
શિલ્પ જાતે આવશે બાહર સુધી.

તે પછી રસ્તો ખૂલ્યો નટવર સુધી,
મીરાં પહેલાં પહોંચેલી ભીતર સુધી.

પ્રમોદ અહિરે

પાથેય

- રમેશ ઠક્કર

ભીતર સુધી પહોંચવાની વાત...

સફરની મજા પડવી જોઈએ.ગમતો? મુકામ આવે? એ? તો સહુને ગમે.અંજામ અણધાર્યો આવે એનો? રોમાંચ અલગ હોય છે. માણસ મથામણ કરે અને મનગમતું પ્રાપ્ત કરે એ તો સામાન્ય ઘટના ક્રમ છે પરંતુ આપણે પહોંચવા માગતા હોઈએ એના કરતા પણ કોઈ ઉત્તમ મુકામ આપણને મળી જાય ત્યારે એનો આનંદ વહેંચવાની એક મજા છે.માણસ અક્ષર દ્વારા કશુંક પ્રાપ્ત કરવા માગે છે. શબ્દની ઉપાસના કરે છે.એ કોઈ કૃતિને ઉપજાવવા માગે છે.પરંતુ એ શબ્દ જ્યારે એને કોઈ પરમ તત્વની અનુભૂતિ કરાવી જાય ત્યારે કલમ ખુદ કવિતા બની જાય છે !

આપણે સફર સપાટી ઉપરની વહેચી નદી તળાવ કે દરિયા સુધી આપણે અનેક વાર પહોંચતા રહીએ છીએ પરંતુ જળનો વૈભવ કે જળનું એક તળ પામવાની તાલાવેલી સૌ કોઈ ન હોતી નથી સાગરના દર્શન કરવા એને સાગરની ઊંડાઈને પામવી કે અનુભવી એક જુદી વાત છે મોટાભાગના માણસો ઉછળતા સાગરના મોજા જોઈ આનંદ અનુભવી લેતા હોય છે પરંતુ એની ભીતર જે કોલા હોય છે એ પામવાનું ગજુ સહુ કોઈનું હોતું નથી

બોલકાપણું માણસને ઘણીવાર ખુલ્લો કરી નાખે છે.મૌનની અનોખી શાન હોય છે.મૌન રહીને જ માણસ પોતાના વિશે ચાલતી અફવાઓનો યોગ્યઉત્તર આપી શકે.જુઠાણાની એટલી તાકાત હોતી નથી કે એના માટે સતત સ્પષ્ટતા કરતા રહેવી પડે.આપણુ મૌન એવું ધારદાર હોવું જોઈએ કે એની આભા થકી આપોઆપ અફવા ગાયબ થઈ જાય..છોડ ઉપર અવનવાં પુષ્પો ખીલતાં છે.આપણે એને ચૂંટીને અત્તર સુધી પહોંચાડીએ છીએ..

કાળમીંઢ પથ્થરમાંથી શિલ્પ કંડારવાનું એટલું સરળ હોતું નથી.એના માટે ધારદાર ટાંકણું અને શિલ્પકળાનો સંગમ જરૂરી છે.માણસ ઈચ્છે તો પથ્થરમાંથી સરસ મૂર્તિ કંડારી શકે છે. આપણું જીવન પણ એક શિલ્પકાર જેવું છે.સતત વિકસતા રહેવું,સતત સંસ્કારના સિંચન પામતા રહેવું.એ થકી પોતાના જીવનને ઉન્નત કક્ષાએ પહોંચાડવું એ પથ્થરમાંથી શિલ્પ ઘડી કાઢવા જેટલું જ કઠિન કામ છે.પરંતુ એ પ્રાપ્ત કરી શકાય છે..પોતાની ભીતર ઉમદા ભાવો પ્રગટ કરીને ઉમદા માણસ બની શકાય છે..એ? થકી ઉમદા કામો કરી માણસથી મહામાનવ બની શકાય છે.એ રીતે ઈશ્વર સુધી પહોંચવાનો આસાન રસ્તો શોધી શકાય છેઆપણી ભીતર મીરાં જેવું મન હોય તો મોહન આપોઆપ મળી જતો હોય છે..!

ફેસબુકમાં સંશોધક : વૈજ્ઞાનિક તરીકે કામ કરતાં ઋતા દેસાઈની કારકિર્દી, પ્રતિભા અને વિદ્યાસફર

ગતાંકથી આગળ.....

ઋતાના પિતાજીએ લોન માટે જુદા જુદા પ્રયાસો શરૂ કર્યા. જુદી જુદી બેંકોમાં ફર્યા. સરકારના જુદા જુદા વિભાગો વિશે પણ વિચાર કર્યો. તેમના દિનેશભાઈ નામના એક મિત્રએ તેમને સામેથી સહયોગ કર્યો. ઋતાની ફી ભરાઈ ગઈ અને ઋતા ભણવા ગઈ. ઋતા ભણવામાં ખૂબ તેજસ્વી હતી. તેની તેજસ્વિતાના લિસોટા યુનિવર્સિટીમાં તરત જ વર્તાયા. એને તરત જ કામ મળી ગયું. એ તરત કમાતી પણ થઈ ગઈ. એણે માત્ર એક જ વર્ષમાં તમામ રકમ દિનેશ અંકલને પાછી મોકલી આપી.

હવે વાત કરીએ ઋતાની તેજસ્વી અને ઝળહળતી કારકિર્દીની.

આપણે આગળ જોઈ ગયા છીએ તેમ ઋતા ભણવામાં અવ્વલ રહેતી તો સાથેસાથે સંશોધનનું પણ ઉત્તમ કામ કરતી હતી. યુનિવર્સિટીના બે પ્રોફેસરોએ ઋતાને સામેથી કહ્યું કે, "તમે મારા હાથ નીચે સંશોધન કરો." ઋતાને કોના હાથ નીચે સંશોધન કરવું તેના પણ વિકલ્પો મળતા. એક જર્મન પ્રોફેસરના હાથ નીચે ઋતાએ સંશોધન શરૂ કર્યું. બે વર્ષનો કોર્સ ઋતાએ માત્ર દોઢ વર્ષમાં પૂરો કર્યો.

ભારતમાં B.Tech. થયેલી ઋતા અમેરિકામાં માસ્ટર ઓફ સાયન્સ થઈ ગઈ.

હવે શું કરવું?

ઋતાએ પીએચ.ડી. જોઇન્ટ કર્યું. રોજબરોજના જીવનમાં રોબોટિક (એટલે કે શ્રીમાન રોબેટ) કઈ રીતે ઉપયોગી થાય તેના પર તેમણે સંશોધન કર્યું. તેમનું સંશોધન ખૂબ વખણાયું. ઋતા દેસાઈ હવે જાણીતાં સંશોધક અને વૈજ્ઞાનિક થઈ ગયાં હતાં. તેમનાં રિસર્ચ પેપર વિશ્વના શ્રેષ્ઠ જર્નલમાં પ્રકાશિત થતાં હતાં. વિશ્વના જુદા જુદા દેશોમાં તેઓ વ્યાખ્યાનો આપવા પણ જતાં હતાં. આ રીતે તેઓ વિદ્યાકીય અને વ્યવહાર એમ બંને ક્ષેત્રોમાં ઉત્તમ કામ કરતાં થઈ ગયાં.

અમેરિકાના કેલિફોર્નિયામાં ફેસબુકે તેમને બોલાવ્યાં.

અહીં સંશોધક તરીકે કામ શરૂ કર્યું.

ઋતા સંવેદનશીલ અને રાષ્ટ્રપ્રેમી વ્યક્તિ છે. તેઓ અત્યારે અમેરિકામાં કામ કરી રહ્યાં છે, પરંતુ વતન ભારત માટે તેમને ખૂબ લાગણી છે. તેઓ ઇચ્છે છે કે, પોતે જે ભણ્યાં છે તેનો ઉપયોગ ભારત માટે થાય. ખાસ કરીને, ભારતનાં ગામોના ઉત્થાન માટે ઋતા કશુંક નક્કર કરવા માગે છે. પોતાની સજ્જતા, પ્રતિભા, જ્ઞાન અને અનુભવનો લાભ તેઓ ગ્રામજનોને આપવા માગે છે. આપણે આશા રાખીએ કે, તેઓ પોતાના હૃદયમાં જે માનવતાનો પ્રેમ છે તેને અમલમાં લાવી શકે.

ઋતાના ઘડતરમાં તેમનાં માતા ગીતાબહેન અને પિતા પરિમલભાઈનો સિંહફાળો છે. તેમણે દીકરીનું ઉત્તમ રીતે ઘડતર કર્યું છે. આદર્શ માતાપિતા કેવાં હોય એ જોવું હોય તો ગીતાબહેન અને પરિમલભાઈને મળવું પડે. દરેક તબક્કે તેમણે યોગ્ય અને શ્રેષ્ઠ નિર્ણયો લીધા. ઋતાને જે ભણવું હોય તે ભણવાની મોકળાશ આપી. એ દીકરી છે એટલે કેટલીક બાબતોમાં તેને સંયમિત રાખવી, તેને જરૂરી મોકળાશ ન આપવી તેઓ વિચાર પણ આ બંનેને આવે નહીં. ઋતાનો નાનો ભાઈ નિસર્ગ પણ ભણવામાં તેજસ્વી અને તે પણ બારમા ધોરણ પછી પહેલાં પૂણે અને પછી અમેરિકા ભણવા ગયો. તેમણે પણ પીએચડી પૂરું કર્યું છે અને અત્યારે તેઓ પોસ્ટ અએચડી પછીનું સંશોધન કરી રહ્યા છે. નિસર્ગ દેસાઈ કહે છે કે એનામાં લીડરશીપના સંશોધન કરવાના એ બધા તો ગુણો હતા જ પણ એ સાહસિક પણ છે.

અઘરા લાગતા અને ઊંડાણથી અભ્યાસ કરવો પડે એવા વિષયમાં પણ ઋતા એ ખૂબ કામ કર્યું. ઋતાના અભ્યાસક્રમ કે કારકિર્દીની વાત કરતાં તેઓ એક નવી અને સરસ વાત કરે છે: તેણે બેચલર અને માસ્ટર ડિગ્રી, પીએચડી તથા કારકિર્દી ચારે ચારમાં એણે દરેકમાં ફિલ્ડ બદલ્યાં. આ ફિલ્ડ બદલવાનું કામ ખૂબ અઘરું હોય છે કારણ કે દરેક ફિલ્ડમાં તમે ચાર વર્ષ મહેનત કરો અને એ મહેનત કર્યા પછી એન્જિનિયરિંગની ડિગ્રી લો એટલી મહેનત કરવી પડે.

જોકે તેને તો પોતાની જાતમાં આત્મવિશ્વાસ એને કારણે તેણે આ સાહસ કર્યું અને દરેકમાં તે સફળ

ઋતાએ પીએચડી કર્યું એમાં હ્યુમન કોમ્પ્યુટર વિષય રાખ્યો. રોબેટિકની આખી જે સિસ્ટમ છે એ સિસ્ટમમાં એને ખૂબ મોટું સંશોધન કર્યું. એણે એ સંશોધન કર્યું કેકોઈપણ વ્યક્તિ પોતાની રીતે જાતે જ જરૂરિયાત પ્રમાણેનો રોબોટ બનાવી શકે. જેમ અત્યારે કોઈપણ વ્યક્તિ પોતાની જરૂરિયાત પ્રમાણે મોબાઈલ ફોન પરની એપ બનાવી લે છે એ જ રીતે ભવિષ્યમાં જેવી જરૂર હશે એવો રોબોટ પણ બનાવી શકાશે. એ પણ સાધારણ લોકો બનાવી શકશે. જેવી ખાસ જરૂરિયાતો હોય એ પ્રમાણે રોબોટ બનાવી શકાય. ધારો કે કોઈ વ્યક્તિને પોતાના ઘરમાં ખૂબ ઠંડી લાગતી હોય તો એક એવો રોબોટ એ બનાવશે કે જે ગરમી આપે, હીટર આપે. કોઈકને એવું હોય કે ના અડધા રૂમમાં ઠંડી અને અડધા રૂમમાં ગરમી જોઈએ.

તો આ બે રોબોટ જોઈએ તો એવું પણ બની શકશે. કોઈ વ્યક્તિને એવું હોય કે આખા રૂમમાં ઘરમાં વાળ પડેલા છે તો એ વાળ જાતે સાફ કરી નાખે એવો રોબોટ જોઈએ તો એવો રોબોટ બનાવી શકાશે. જેવી જરૂરિયાત હશે એ પ્રમાણેની ડિઝાઇન કરીને ભવિષ્યમાં વ્યક્તિઓ રોબોટ બનાવી શકશે એ પ્રકારનું સંશોધન પીએચડી કક્ષાએ એણે કર્યું છે. અત્યારે આ બધી બાબતો પ્રાથમિક તબક્કામાં છે, પણ બહુ ઝડપથી આ બધી વસ્તુઓ વાસ્તવિકતા બનશે.

ઋતા અને નિસર્ગ ગુજરાતનાં રત્ન છે. વિદ્યાક્ષેત્રે તેમણે ગુજરાતનું નામ રોશન કર્યું છે. આપણે આશા રાખીએ કે, આ બંને ભવિષ્યમાં ગુજરાતને ખૂબ ઉપયોગી થાય.

ઋતાનો સંપર્ક ૧ (૪૧૨) ૪૭૮-૧૫૧૬, તેમના પિતા પરિમલભાઈનો સંપર્ક નંબર ૯૯૭૯૮ ૮૨૬૫૨ છે અને તેમનાં માતા ગીતાબહેનનો સંપર્ક નંબર ૯૯૦૯૯ ૫૨૫૧૪ છે.

જીવનમાં આવતી તકલીફો આપણા માટે આશીર્વાદ સમાન બની રહે છે

સમર્પણ હોય ત્યારે જ રીસામણું શોભે છે,
પરંતુ...
રીસામણુંય રાધાનું શોભે, કૈકેયીનું નહીં !!''

વ્યક્તિ જન્મ લે ત્યારથી જ તે વિવિધ સંબંધોથી ઘેરાયેલો હોય છે અને માટે જ મનુષ્યને સામાજિક પ્રાણી કહેવામાં આવે છે અને તેમાંય Facebook, Twiter અને Whatsapp આવતાં તો તેનું આ સર્કલ વધુ વિકસીત થયું છે. કેટલાંય લોકો સાથે સંબંધ હોવા છતાં દરેક વ્યક્તિના જીવનમાં માત્ર ગણ્યાં-ગાંઠ્યા સંબંધો જ સાચા પ્રેમનાં તાંતણે ગૂંથાયેલા હોય છે. બહારથી દેખાવ પૂરતો સંબંધ હોવો અને મનના તાર સાથેનો અતૂટ ઋણાનુબંધ હોવો તેમાં ઘણો મોટો ભેદ રહેલો છે. આપણે ઘણીવાર જોયું છે અને અનુભવ્યું પણ છે કે સાવ અંગત સંબંધોમાં મતભેદ થતા રહેતા હોય, ચકમક ઝર્યા કરતી હોય અને તેમ છતાંય એ સંબંધ આજીવન અતૂટ રહેતો હોય છે. રીસામણાં-મનામણાં પણ હોય અને નાના-મોટા ઝઘડા પણ હોય તેમ છતાં એકબીજાને સમર્પિત હોવાની ભાવનામાં ક્યારેય ઊણપ જણાતી નથી અને માટે તેમાં સંબંધ તૂટી જવાનો ભય પણ ન હોય!

રાધા-કૃષ્ણની જોડી એ તમામ પ્રેમીયુગલો માટે દીવાદાંડી સમાન રહી છે. કૃષ્ણ ગોકુળ છોડીને ગયા ત્યારે રાણારાણી રીસાયા અને અશ્રુભીના એ ચહેરા પર વિરહની વેદના આજીવન અંકાયેલી રહી. સ્નેહ અને પ્રેમનાં સંબંધોમાં સૌથી વધુ મહત્ત્વની બાબત છે ત્યાગ અને બલિદાનની ભાવના, સમર્પણની ભાવના! કોઈપણ સંબંધ જ્યારે પરસ્પર ત્યાગ અને સમર્પણની ભાવનાથી છલકાતો હોય ત્યારે તેમાં અબોલા કે રીસામણા થાય તો પણ તે સંબંધની મીઠાશમાં કોઈ ફેરફાર જણાતો નથી. ઘણીવાર તો આ પ્રકારના મીઠા ઝઘડા સંબંધોમાં વધુ સ્વાદ ઉમેરીને સંબંધને વધુ ગાઢ બનાવે છે.

આજ-કાલ ટી.વી. સિરીયલોમાં જોવા મળતા ઝઘડાઓ, રીસામણાં-મનામણાં, મિલ્કત માટે ઝઘડાઓ, પરિવારના જ સભ્યોના એકબીજા પ્રત્યે રચવામાં આવતા અવનવા છળકપટ આ તમામ કૈકેયીના રીસામણાં સમાન દીસે છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ અને છાપામાં રોજેરોજ પ્રસારિત થનારા સમાચારોમાં ઘણીવાર અંગત સંબંધોનું એવું ભયાનક સ્વરૂપ આપણી સામે આવે છે કે તે જોઈને અરેરાટી થઈ આવે! કૈકેયીના રીસામણાનેય સારા કહેવડાવે એ પ્રકારના ઝઘડા અને કાવા-દાવા મિલ્કત માટે કે અન્ય કારણોસર જોવા મળે છે.

જો કે, સિક્કાની બીજી બાજુ જોઈએ તો હમણાં જ છાપામાં આવેલા 'જોષીદાદા'ની વાત જુઓ કે જેઓ વિનામૂલ્યો વર્ષોથી વિદ્યાર્થીઓને વિદ્યાદાન કરે છે કે દરરોજ રોડ પર કૂતરાને બિસ્કીટ નાખતા દાદા હોય, આ પ્રકારના લોકો પણ આપણી આસપાસ વસે છે. અંગત સંબંધો ઉપરાંત માનવતાની મીઠી સોડમ પ્રસરાવતા આ પ્રકારના લોકો સમાજનું ઊજળું પાસું દર્શાવે છે. આજકાલના ઈન્સન્ટ-મિક્સના યુગમાં નાની-નાની બાબતોમાં તરત છૂટાછેડા લેવાના બનાવો આપણે જોયા છે તો એવા કેટલાંક દંપત્તિઓ પણ જોયા છે કે જેઓ એકબીજાના સુખ-દુઃખમાં અડીખમ ચટ્ટાન બનીને ઊભા રહ્યા છે. કોઈ પણ જાતની શારીરિક, માનસિક કે આર્થિક સમસ્યા ઓચિંતી ક્યાંકથી પણ આવી પડે ત્યારે જૂની બધી ગેરસમજને ભૂલી જઈને સાથે મળીને આવેલી સમસ્યાનો સામનો કરી સંબંધને એક નવી ઊંચાઈ સુધી લઈ જનારા લોકો પણ આપણી આસપાસ આપણે જોયા છે.

Misunderstandings ripper us,
until Cancer hit me.
I fell for you again as you
nursed me.
the disease cured us.

જીવનમાં આવતી તકલીફો ઘણીવાર આપણે માટે આશીર્વાદ સમાન બની રહે છે કારણ કે આવા સમયે જ આપણને લાગણીના ખરા સંબંધોની પરખ થાય છે. બધું જ્યારે ઠીક-ઠાક હોય ત્યારે આપણી આસપાસના સંબંધો પણ સરસ રીતે ગોઠવાયેલા હોય છે પણ જે ક્ષણે મુશ્કેલી આવી પડે ત્યારે જ ખરી પરીક્ષા થાય છે. જે સંબંધોમાં રીસામણા હોય કે ગેરસમજોનું વટવૃક્ષ રચાઈ ગયું હોય તેવા સંબંધોમાં ચમત્કારિક રીતે નવો વળાંક આવી જાય છે અને આપણે ફરીપાછા આપણા વર્ષોજૂના સંબંધની એક નવી શરૂઆત કરી શકીએ છીએ અને તે પણ પહેલાં કરતાં પણ વધુ પ્રેમ, હૂંફ, લાગણી, ત્યાગ અને સમર્પણ સાથે!

- nehalgadhavi101@gmail.com

પત્નીની આત્મહત્યાની તથા જુદા રહેવાની ધમકીએ ક્રુરતા છે : સુપ્રિમ કોર્ટ

કાયદો એ મહિલાની સુરક્ષા, સલામતી માટે ઘડવામાં આવ્યો છે, તેનો દુરઉપયોગ કરવા માટે નહિ. કાયદાની ઢાલ તરીકે ઉપયોગ કરી શકાય હથીયાર તરીકે વાપરી ન શકાય મહિલાઓ ઉપર થતા શારિરીક, માનસીક હુમલાથી રક્ષણ પુરૂ પાડવા માટે મહિલા તરફી કાયદાઓ બનાવવામાં આવ્યા છે, પરંતુ ૯૦ ટકા કિસ્સામાં મહિલાઓ આ કાયદાનો દુરઉપયોગ કરી પતિ તથા સાસરીયાને ધાકમાં રાખી ધાર્યું કરવા માટે કરતા હોવાનું તારણ બહાર આવેલ છે. દહેજ પ્રતિબંધ ધારાની કલમ - ૪૯૮(ક) મુજબ ૧૦ ટકાથી ઓછા કિસ્સામાં સજાના હુકમો થયેલા છે આવી જ પરિસ્થિતી મેન્ટલી એન્ડ સેકસુઅલી હેરેસમેન્ટ ઓફ વુમન ના કિસ્સામાં બને છે. પતિ પત્નીના ઝઘડામાં હિન્દુ કુટુંબો તુટતા જાય છે, સંયુકત પરિવારની વ્યવસ્થા નષ્ટ થઈ રહી છે. માત્ર ફિલ્મમાં અને વાર્તામાં જ સંયુકત સુખી પરિવારની કલ્પના થઈ શકે છે. લગ્ન બાદ સ્વતંત્રતા અને સ્વાયત્તા, મોજશોખ ભોગવવા કુટુંબની વ્યક્તિઓ અળખામણી લાગતા સંયુકત પરિવારમાંથી અલગ થવાના બનાવોની સંખ્યા વધતી જાય છે. માતા પિતાથી પુત્રને છુડો પાડવોએ એકજાતની ક્રુરતા જ આચરેલ ગણાય. કોઈ પુત્ર પોતાના વૃધ્ધ માતા પિતાને એકલા અસહાય હાલતમાં રાખવા સંમત હોઈ શકે નહિ. હિન્દુ સંસ્કાર અને સંસ્કૃતિથી વિપરીત વિદેશી સંસ્કૃતિના આગમથી સંયુકત પરિવારો વિભાજીત થતા ગયા છે. પુત્રની આવક ઉપર નિર્ભય માતા પિતાથી પુત્ર અલગ થાય તે કોઈ માતા પિતા કે પુત્ર ઈચ્છે નહિ પરંતુ પુત્રનું ઘર કરવાની આશામાં પોતાની લાગણીઓની કુરબાની આપી દિલ ઉપર પથ્થર રાખી માતા પિતા પુત્રને અલગ રહેવા મોકલે છે આ પત્નીએ પતિ તથા પરિવાર ઉપર આચરેલ ક્રુરતા જ ગણાય. કેટલાક કિસ્સામાં પુત્ર મજબુત રીતે માતા પિતાના પડખે ઉભો રહે તો કાયદાને હથીયાર તરીકે ઉપયોગ કરી ખોટા કોર્ટ કેસોમાં, દહેજના કેસોમાં લાગતા વળગતા ના હોય તેવા દિયર, દેરાણી કે જેઠ, જેઠાણી,

નણંદને સંડોવી નાક દબાવી મોં ખોલવામાં પત્નીને સફળતા મળે છે ના ઈલાજે, ના છુટકે નુકશાન સહન કરવાની બીકથી યેનકેન રીતે પતિ પત્નીની અલગ રહેવાની જીદ્દને તાબે થતો જાય છે જેમાં સંયુકત પરિવારના સંસ્કાર, સંસ્કૃતિ નષ્ટ થતા જાય છે. વારંવાર આત્મહત્યા કરવાની ધમકી આપી ધાર્યું કરવાની કલા એ પણ અત્યાચાર ગણી સુપ્રિમ કોર્ટે ટ્રાયલ કોર્ટના તમામ ચુકાદાનો તથા પત્નીની આત્મહત્યા કરવાના પ્રયાસને ક્રુરતા ગણી પતિ ક્યારેય એ પ્રકારનો વ્યવહાર સહન ના કરી શકે કે પત્ની આપઘાત કરે અને પોતાના માતા પિતા કે કુટુંબીજનો જેલમાં જાય જસ્ટીસ અનિલ આર. દવે અને જસ્ટીસ એલ. નાગેશ્વર રાવની બેન્ચે ઐતિહાસીક ચુકાદો આપતા ખોટા કેસો કરવાની કે આત્મ હત્યા કરી ધાર્યું કરવાની પત્નીની જીદ્દ સામે પ્રશ્નાર્થ ચિન્હ મુકેલ છે. પતિ સામે જુઠા આરોપ અને પત્નીના લગ્નેતર સબંધ તથા ધાર્યું કરવા આત્મહત્યા કરી ચીઠ્ઠી લખી ફસાવી દેવાની ધાક-ધમકી એ પત્નીની પતિ તથા તેના પરિવાર સાથે આચરેલ ક્રુરતા જ ગણાય માત્ર પતિ જ બધા કિસ્સામાં પત્ની ઉપર અત્યાચાર કરે ક્રુરતા આચર તો નથી જેમ સીક્કાની બે બાજુ હોય છે તેમ કેટલાક કિસ્સામાં પત્ની પણ અત્યાચાર આચરતી હોય છે.

એકસ્ટ્રા મેરેટીકલ અફેર્સ અને આત્મહત્યા કરવાની ધમકી આપી ધાર્યું કરવું એ ક્રુરતા જ ગણાય છે.

પત્નીએ હાઈલી પ્રોફેસનલ કોર્સ કરેલ હોય ભણેલ ગણેલ હોય, દા.ત. સ્ત્રીએ સીએસ, એડવોકેટ કે દાકતરી તેમજ અન્ય કૌશલ્ય બ્યુટીપાર્લર, હોમસાયન્સ કે યોગ અભ્યાસ કરેલ હોય તેમજ ટયુટર તરીકેનો વ્યવસાય કરી પોતાનું ભરણપોષણ કરી શકવા સક્ષમ હોય તો માત્ર પતિની આવક ઉપર નિર્ભર રહી ભરણપોષણ મેળવવા હકકદાર નથી તેવો તાજેતરમાં હિન્દુ મેરેજ એકટની કલમ ૨૪ અન્વયે ભરણપોષણની અરજ નકારી દિલ્હી હાઈકોર્ટે પણ ઐતિહાસીક ચુકાદો આપેલ છે. પત્ની પોતાનું ભરણ પોષણ કરવા સક્ષમ હોય અને કરી શકે તેમ હોય ભરણ પોષણ કરી શકવા જેટલું સામર્થ ધરાવતી હોય અને તેવી શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય તો પુરૂષ સમોવડા હક્ક, અધિકાર ભોગવતા સમાજમાં સ્ત્રી પુરૂષનો આ બાબતે ભેદભાવ રાખી શકાય નહિ તથા આજની દુનિયામાં સ્ત્રીઓ પુરૂષની સરખામણીએ ખભેખભો મિલાવી કામકાજ કરી દરેક ક્ષેત્રમાં પુરૂષ સમોવડી હોવાનો ગર્વ લેતી હોય તેમજ ૫૦ ટકા સ્ત્રી અનામતની જોગવાઈ દરેક જગ્યાએ ભરતીમાં તથા ચૂંટણીમાં ભારતીય બંધારણ મુજબ ખાસ હક્ક, અધિકાર મળતા હોય તેવા સંજોગોમાં સ્ત્રી પુરૂષને માત્ર લીંગ ભેદથી કોર્ટ કે કાયદો માની શકે નહિ અને સક્ષમતા ધરાવતી સ્ત્રીના ભરણ પોષણની જવાબદારી એકલા પતિની નક્કી થઈ શકે નહિ આ બન્ને ઐતિહાસીક ચુકાદાથી કાયદાનો હથીયાર તરીકે ઉપયોગ કરી મહિલાઓ સામે પુરૂષને કાયદાની ઢાલથી સુરક્ષીત કરવા સમાજને બેલેન્સ કરવાનો નામદાર કોર્ટનો પ્રયાસ રૂપ ચુકાદો છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in